## દિવાળી બાદ હવે શિયાળાની મોસમ પગરવ

# લીલા શાકભાજીમાં ભાવોમાં ઉથલપાથલથી ખેડૂતો અને ગૃહિણીઓમાં કભી ગમ કભી ખુશીનો માહોલ

ચિલોડા, તા. ૧૩

ગુજરાત રાજ્યમાં શિયાળાની મોસમના આગમનના પગલે શાક-માર્કેટમાં શાકભાજી જોવા મળી રહ્યાં છે. જેમાં મેથી, પાલક, મુળા, લીલુ લશણ, ચોળી, ગુવાર, તુવેર, પાપડી, ટામેટા વગેરેનો પુરવઠો સપ્રમાણમાં આવી રહ્યો છે. શાકભાજીના ભાવોમાં ચઢ-ઉતરમાં ખેડૂતો અને ગૃહિણીઓના બજેટમાં મોંઘવારીના દર્શન થઈ રહ્યા છે. શિયાળાની મોશમે શાકભાજીના ભાવોમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. દિવાળી બાદ આસમાને પહોંચેલા શાકભાજીના ભાવોમાં ટામેટા, ભીંડા અને કોબીજ અને ફુલાવરના પુરવઠામાં વધારો થતાં બજારોમાં માલનો ભરાવો અને વપરાશમાં ઘટાડાથી મંદી-તેજીથી ભાવમાં ધરખમ ફેરફાર જોવા મળ્યો હતો. દેવદિવાળી બાદ શાકભાજીનો નવો સ્ટોક આવવાથી હવે ભાવોમાં મહદ્ અંશે ફાયદારૂપ સ્થિતિ સર્જાય તેવી વેપારીઓમાં આશા વર્તાઈ રહી છે. હાલમાં દિવાળી બાદ ધીમે ધીમે શાકભાજીનો જથ્થો અને ભાવોમાં સુધારો થવાના સંકેતોથી ખેડૂત આલમમાં કંઈક અંશે રાહત મળશે. શાકમાર્કેટોમાં હાલમાં શાકભાજીના સપ્રમાણ પુરવઠો આપતાં ભાવોમાં સ્થિર સંજોગોની વકીથી ખેડૂતો અને ગૃહિણીઓ મધ્યમવર્ગના પરિવારો શાકભાજીનો સ્વાદ માણી શકશે. આમ છતાં લીલી શાકભાજીની ખેતીમાં તેજી-મંદીના ચકથી ભાવોમાં ઉથલપાથલથી કભી ગમ અને કભી ખુશીના માહોલમાં ક્યારે કોનું બજેટ ખોરવાઈ જાય તે કહેવું મુશ્કેલ છે.

### પ્રવર્તમાન બજાર ભાવો

| શાકભાજી | ૨૦ કિલોનો ભાવ |
|---|---|
| ચોળી | ૪૦૦ થી ૬૦૦ |
| ભીંડા | ૩૦૦ થી ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ થી ૫૦૦ |
| કોબીજ | ૪૦૦ થી ૫૦૦ |
| ડુંગળી | ૧૨૦૦ |
| બટાકા | ૪૦૦ |
| દૂધી | ૧૦૦થી૧૫૦ |
| તુવેર | ૭૦૦ થી ૮૦૦ |
| ગવાર | ૫૦૦ થી ૬૦૦ |
| કારેલા | ૪૦૦ થી ૪૫૦ |
| મરચાં | ૩૦૦ થી ૪૦૦ |
| રવૈયા | ૨૦૦ થી ૨૫૦ |
| કાળા રીંગણ | ૧૦૦ થી ૧૫૦ |
| કાકડી | ૪૦૦ થી ૪૫૦ |
| પાવડી | ૬૦૦ થી ૭૦૦ |
| મેથી | ૫૦૦ |
| મુળા | ૨૫૦ થી ૩૦૦ |

# મોંઘીદાટ દવાઓ કોમ્પ્યુટરના એક કલીકથી સસ્તા ભાવે મળી શકશે

## દરરોજ હજારો દર્દીઓ સરઘા ઘટકો વાળી સસ્તી કિંમતની દવાઓ ઉપલબ્ધ હોવા છતા તબીબોના પ્રીસ્ક્રીબ્શનથી મોંઘી દવા ખરીદીને લુંટાય છે...! : વેબસાઈટ પર દવાના ઓપ્શન મળશે

**(વિપુલ ચૌહાણ)**

ગાંધીનગર, તા.૧૩

ભગવાનનું રૂપ ગણાતા આપણાં તબીબો દ્વારા દર્દીના ચેક અપ બાદ જે દવાઓ પ્રીસ્ક્રાઈબ કરવામાં આવે છે તે દવાઓની માત્ર બ્રાન્ડનું નામ પ્રીસ્ક્રીબ્શન લેટરમાં લખવામાં આવે છે. દવામાં વપરાતા ઘટકો એક સરખી માત્રામાં હોવા છતાં બે અલગ અલગ બ્રાન્ડની દવાઓની કિંમતમાં જમીન આસમાનનો ફર્ક હોય છે. જેની અજ્ઞાનતાને કારણે દરરોજ હજારો દર્દીઓ તે જ દવા ખરીદવા પાછળ પાંચથી દસ ગણા રૂપિયા ચુકવીને લુંટાઈ રહ્યા છે. હવે આ પ્રકારે થતી લુંટથી બચવા માટે કોમ્પ્યુટરના એક કલીકનો ઉપયોગ કરી શકો છો. તબીબ દ્વારા લખવામાં આવેલી દવાનું નામ એક વેબસાઈટ પર લખો અને તેના જ ઘટકો વાળી અન્ય ઉપલબ્ધ સસ્તી દવાઓની આખી યાદી તમારી સમક્ષ આવી જશે.

મેડીકલ બીલનાં થતાં બેફામ ખર્ચા અટકાવવા માટેની આ વેબસાઈટ અને દવા શોધવા માટેના સ્ટેપ્સ જોઈએ...!

www.medguideindia.com

આ સાઈટ પર લોગ ઓન કરો ત્યાર બાદ 'Drugs' (ડ્રગ્સ) નામના ઓપ્શન પર કલીક કરીને 'Brand' પર કલીક કરો. બ્રાન્ડમાં તમને જે દવા તબીબે પ્રીસ્કાઈબ કરી છે તે દવાનું નામ લખો. તે દવાની બ્રાન્ડનું નામ સર્ચ કરશો એટલે 'Generics' પર તે દવાના ઘટકો દેખાશે. ત્યાર બાદ 'meched brands' પર કલીક કરશો એટલે તબીબે આપેલી દવાના સરખા જ કન્ટેન્ટ વાળી બીજી કંપનીની સાવ સસ્તી કિંમતની દવાઓ કઈ કઈ છે તેની યાદી તમારા કોમ્પ્યુટરમાં આવી જશે. જેમ કે એક સામાન્ય ભાવની ચોકકસ બ્રાન્ડની દવાના પેકેટની કિંમત રૂ. ૬૨ છે તે જ ઘટકો વાળી બીજી બ્રાન્ડની તે જ દવા રૂ. ૭માં ઉપલબ્ધ છે. કયાં રૂ. ૭ અને કયાં રૂ. ૬૨? તબીબોને દવાઓ પ્રીસ્ક્રાઈબ કરવાનાં મળતાં તગડા રૂપિયા દર્દીઓને આ રીતે લુંટી રહ્યા છે...!

### આજે ગાંધીનગર વણકર સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર વણકર સમાજ ગાંધીનગર પરિવારજનોનો સ્નેહમિલન સમારંભ પૂજય મહંત ઉગમશી બાબા (કેશરડી જોધલપીરધામ)ના અધ્યક્ષ સ્થાને તા. ૧૪ નવેમ્બરના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨ના રંગમંચ ખાતે યોજાશે. ઉપપ્રમુખ કિશોરભાઈ પરમાર અને મુળજીભાઈ પરમાર દ્વારા જણાવેલ છે.

### બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરનો રવિવારે સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા. ૧૩

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર તરફથી નૂતન વર્ષનો સ્નેહમિલન સમારંભ તા. ૧૭મી નવેમ્બરના રોજ સવારે ટાઉનહોલ સામેની ઑપન લોનમાં યોજેલ છે. મહામંત્રી વાસુદેવભાઈ અજવાણીએ જણાવેલ છે.

### નાગર પરિષદ દ્વારા પાંચમી જાન્યુઆરીએ જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૧૩

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપક્રમે તા. ૫મી જાન્યુઆરીના રોજ નાગર યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમેલન ટાઉન હોલ ગાંધીનગરમાં રાખવામાં આવેલ છે. ૬૫૦૦થી વધુ યુગલો લગ્નગ્રંથિ અગાઉના પસંદગી મેળામાં જોડાયા છે. આ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુકોએ સંસ્થાના ચેરમેન અરૂણભાઈ બુચ પ્રમુખ નરેશભાઈ રાજાએ જણાવેલ છે. ફોર્મ મેળવવા માટે નરેશભાઈ રાજા, જેઠાભાઈની પોળ અમદાવાદ, અરૂણભાઈ બુચ અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ, સેકટર-૨૦થી મળી શકશે.

### ઉત્તર ગુજરાતમાં ૧૩ કેન્દ્રોએ મગફળી ખરીદવાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૩

કેન્દ્ર સરકારની યોજના હેઠળ તથા નાફેડ મારફત ગુજકોમાસોલ દ્વારા ટેકાના ભાવથી મગફળીની ખરીદી ચાલુ કરેલ છે. જે યોજના અન્વયે સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાતમાં ૧૩ કેન્દ્રોએ ખરીદી ચાલુ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારે ટેકાનો ભાવ રૂા. ૮૦૦ જાહેર કરેલ છે. ખેડૂતોએ ખેડૂત હોવાનું તથા મગફળીનું વાવેતરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ગુજરાકોમાસોલની યાદીમાં જણાવેલ છે.

## છાલામાં હસુદાદાનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના છાલા ખાતે હઝરત હસુદાદાનો ઉર્સ મુબારક તા. ૧૪ નવેમ્બર આજરોજ શાનો શોકતથી ઉજવવામાં આવશે.

નેશનલ હાઈવે-૮ ઉપર આવેલ છાલા ગામે હિન્દુ-મુસ્લિમ પરિવારો વસે છે. ગામમાં વસતા મુસ્લિમ ભાઈઓ દ્વારા હસુદાદાની કરવટાની મહેંદી નિકળે છે. આ ઉર્સમાં બિરાદરોની માનતા મુસ્લીમ બિરાદરોની પૂર્ણ થવાથી મહેંદિયો નિકળે છે. જેમાં આસ્થા અને શ્રદ્ધા જોડાયેલી હોય છે.

ઉર્સમાં હિન્દુભાઈઓ દ્વારા મહેંદિયો માનેલ પુરી શ્રદ્ધા સાથે પ્રગટ કરવામાં આવે છે ત્યારે સમગ્ર વાતાવરણમાં હિન્દુ-મુસ્લિમ કોમી ભાઈચારાના દર્શન થાય છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉપસ્થિત રહે છે. તેમ મુસ્લિમ અગ્રણી હાજી સબ્બીરમિયા મલેક, મહેમુદ મિયા ઝાલોરી, બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે. આ પ્રસંગે હસુદાદાની પુસ્તીકા તેમજ દાસ્તાને હસુદાદાની વિડિયો કેસેટ વિતરણ કરવામાં આવશે.

## ડભોડા-વડોદરા-મગોડીના ત્રિભેટે જયશ્રી સગતમાતાના ધામમાં દિવ્ય રોશનીનો ભવ્ય કાર્યક્રમ યોજાશે

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના ડભોડા-વડોદરા-મગોડી ગામના ખારી નદીના કિનારે આવેલ ચમત્કારી ધામ તરીકે જાણીતુ શ્રી સગતમાતાના ધામમાં માતાજીના લાભાર્થે એક ભવ્ય દીવા રોશની કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ચમત્કારિક સગતમાતાનું ધામ અનેક શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતિક સમા મંદિર ખારી નદીના કિનારે ડભોડા-વડોદરા અને મગોડી ગામના ત્રિભેટે લાખો શ્રદ્ધાળુ વિશેષ ભક્તિભાવથી દર્શનાર્થે આવે છે. આ મંદિરે એક લીમડાની નીચે માતાજીની દેરી એટલે મૂળ સ્થાનક તરીકે માતાજીનો ગોખ આવેલો છે. માતાજીની અસીમ કૃપાથી ખારી નદીમાં અનેકવાર પૂર આવ્યા હતા. છતાં પાણી દેરી સુધી પહોંચી શક્યું નથી. દિનપ્રતિદિન સગત માતાજી પ્રત્યે ભાવિક ભક્તજનોની અસીમ શ્રદ્ધા વધવા પામી છે. આમ સતત નવમા વર્ષે આ મંદિરે તા. ૧૮-૧૧-૨૦૧૩ના સોમવારના રોજ રાત્રે લાભાર્થે દીવ્ય રોશનીનો ઝળહળતો પ્રોગ્રામ તથા ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક કલાકાર વિક્રમ ઠાકોર દ્વારા રાસ-ગરબાનો કાર્યક્રમથી રંગત જમાવશે. આમ યુવક મંડળ દ્વારા જિલ્લાની જાહેર જનતાએ આ કાર્યક્રમમાં ભાગે લેવા તથા પધારવા જાહેર આમંત્રિણ પાઠવવામાં આવ્યું છે.

# સે. ૨૪માં રહેતા આધેડનો પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો

## રાંધેજાનો મિત્ર ફોન કરતો હતો પરંતુ નો રીપ્લાય થતા ઘરે પહોંચ્યો ત્યારે પંખે લટકેલી હાલતમાં હતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૪માં રહેતા ૪૫ વર્ષીય આધેડે પોતાના ઘરે જ ગઈકાલે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. પંખે દુપટ્ટો બાંધીને જીવન ટુંકાવી નાંકનાર આધેડે કયાં કારણોસર અંતિમ પગલુ ભર્યું તે હજુ સુધી બહાર આવી શક્યુ નથી. સે. ૨૧ પોલીસે આ બનાવની જાણ થતા મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨૪ના મકાન નં. ૪૫૦ ખાતે ૪૫ વર્ષીય કાનજીભાઈ સોમભાઈ દેસાઈ પરિવાર સાથે રહેતા હતા. બે સંતાનો અને પત્નિ બહારગામ ગયા હતા ત્યારે ગઈકાલે કાનજીભાઈ ઘરે એકલા હતા. રાંધેજા ગામે રહેતા કાનજીભાઈના મિત્ર અમરતભાઈ દેસાઈ તેમને મોબાઈલ ફોન કરી રહ્યા હતા પરંતુ કાનજીભાઈ ફોન રીસીવ કરી રહ્યા ન હતા. નો રીપ્લાય ફોન આવતા અમરતભાઈ કાનજીભાઈના ઘરે સે. ૨૪માં ગઈકાલે સાંજે પહોંચી ગયા હતા. ઘરે જઈને તપાસ કરી તો કાનજીભાઈ પંખે લટકેલી હાલતમાં હતા. ઘરે કોઈ ન હતુ તે દરમ્યાન પંખે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ લઈ કોઈ કારણોસર કાનજીભાઈએ જીવનલીલા સંકેલી લીધી હતી. સે. ૨૧ પોલીસને જાણ થતા ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. રાઠવાએ વધુ તપાસ હાથ ધરી છે. જો કે આપઘાતનું કારણ હજુ બહાર આવ્યું નથી.



વડીલ વંદના... ગાંધીનગરના પ્રવેશ દ્વારે નગરની ઓળખ બની ચૂકેલ ઈન્ફોસિટીના પૂર્વ એજ્યુકેટીવ ડાયરેક્ટર સદ્‌ગત હિતેન બારોટના ૫૩માં જન્મ દિને સુભાષ બારોટ અને તેમના પરિવારજનોએ નગરના વૃદ્ધ વડીલોને શાલ અર્પણ કરી વડીલ વંદના કરી હતી. ક્રિષ્ના વૃદ્ધાશ્રમ અને કૈલાસ વૃદ્ધાશ્રમના તમામ વડીલોને શાલ અર્પણ કરી ઈન્ફોસિટી પરિવારે સામાજિક જવાબદારીનો અભિનવ પ્રયાસ કર્યો હતો. (તસવીર : દીપક જાની)

# મંત્રી નિવાસ સંકુલમાં કચરાના ઢગલા

ગાંધીનગર, તા. ૧૩

સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર તંત્ર દ્વારા સ્વચ્છ અને નિર્મળ ગુજરાતની ચુફીયાણી વાતો થાય છે ત્યારે પાટનગરમાં જ્યાં જુઓ ત્યાં કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. આ કાર્યક્રમો કરવામાં આવે છે. જેના ભાગરૂપ સમગ્ર ગુજરાતમાં સ્વચ્છ ગુજરાત નિર્મળ ગુજરાતની અનેક વાતો થાય છે. ત્યારે હજુ ઘણા વિસ્તારો એવા છે કે જ્યાં આવી કોઈ યોજનાનો કોઈને પણ લાભ મળ્યો નથી તો બીજી તરફ તહેવારો બાદ ગંદકીના ઢગલા થવા પામ્યા છે. ત્યારે તંત્ર એની કામગીરીમાં પણ સાવ નિષ્ફળ નિવડ્યુંછે. તો બીજી તરફ આ કચરાના ઢગલા હવે રાજભવન અને મંત્રી નિવાસ સંકુલને પણ ભરખી ગયા છે. મંત્રી નિવાસમાં અનેક મંત્રીઓના



કચરાના ઢગલા હવે મંત્રી નિવાસ સંકુલમાં પણ ખડકાયા છે અને મંત્રીના બંગલાની આસપાસ ખૂણેખાચરે ઝાડીઓની નજીક આ કચરાના ઢગલા પડ્યા છે. તેમ છતાં કોઈ પણ અધિકારીઓને ડોકીયુ કરવાનો સમય મળતો નથી.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના અનેક વિસ્તારોમાં ગામડાઓ અને શહેરોને સ્વચ્છ રાખવા માટે અનેક ગુજરાતના પાટનગર ગાંધીનગર વિસ્તારમાં પ્રવેશતા જ ગાંધીનગર વિસ્તારમાં પ્રવેશતા જ ગાંધીનગર કોબા માર્ગ પર મુખ્ય માર્ગ અને સર્વિસ માર્ગોની વચ્ચે રોજ ગંદકીના ઢગ થાય છે તો અનેક ઠેકાણે વરસાદી પાણીમાં લીલ પણ જામેલી જોવા મળી છે. શહેરના મુખ્ય વિસ્તારો જેવા કે સે. ૨૧ શોપિંગ સેન્ટર, સે. ૨૪ મુખ્ય માર્કેટ, સહિત આસપાસના અનેક વિસ્તારમાં ઠેર ઠેર નવા વર્ષના બંગલા આવેલા છે. જ્યાં માર્ગની આસપાસ ખુલ્લી જગ્યાઓમાં ઝાડી ઝાંખળામાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. કચરા અને ગંદકીથી ખદબદતા આ મંત્રી નિવાસ સંકુલમાં કોઈ અધિકારી કે મંત્રીઓની નજર પણ ત્યાં પડતી નથી. ખુદ મંત્રી નિવાસ સંકુલમાં જ ગંદકી જોતા કોઈ પણ સામાન્ય વ્યક્તિને આ નિર્ણળ ગુજરાતની વાતનો અંદાજ આવી જાય...

# વાવોલ રામજી મંદિર ખાતેથી ડાકોર જવા પદયાત્રા સંઘ શુક્રવારે પ્રયાણ કરશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના વાવોલ ગામના રામજી મંદિરેથી બાવન (૫૨) ગજની ધજા લઈ પદયાત્રા સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધજા ડાકોર ખાતેના પ્રસિદ્ધ રણછોડરાયજી મંદિર ખાતે ચઢાવવામાં આવશે.

વાવોલના રામજી મંદિર ખાતેથી કારતક સુદ ૧૩ શુક્રવાર તા. ૧૫ નવેમ્બરના મંગલદિને સવારે ૫.૩૦ કલાકે ડાકોર જવા પદયાત્રા સંઘ પ્રયાણ કરશે. જેમાં ધજાની પૂજન વિધિનો કાર્યક્રમ તા. ૧૪ નવેમ્બર ગુરૂવાર બપોરે ૩.૦૦ કલાકે રામજી મંદિર ખાતે કરવામાં આવશે. ત્યારબાદ વાવોલ ગામમાં ધજાની શોભાયાત્રા નિકળશે.

પદયાત્રા તા. ૧૮ નવેમ્બરના રોજ ડાકોર ખાતે પહોંચશે. નૃસિંહ મંદિર કાઠિયા ચોકમાં ધજાની પૂજાવિધિ કરી ડાકોર રણછોડરાયજી મંદિરમાં પૂજાવિધિ પ્રદશિક્ષણા કરી ધજા ચઢાવવામાં આવશે. આ પદયાત્રા સંઘમાં કુંવરજી બબાજી ઠાકોર (ભામાશા-પ્રમુખ ઠાકોર વિકાસ), કાન્તાબેન કુવરજી ઠાકોર, પૂર્વ ચેરમેન જિલ્લા પંચાયત અ'વાદ, રાકેશભાઈ એમ. પટેલ, ડે. સરપંચ વાવોલ તેમજ આશાબેન બી. પટેલ, સરપંત પાલાવાસણા, મુખ્ય દાતાઓ તરીકે સહયોગ આપ્યો હતો.

પદયાત્રા દરમ્યાન ચા-નાસ્તાની સગવડ કરવામાં આવી છે. તેમજ મોટી સંખ્યામાં ભાવિભક્તો પદયાત્રામાં જોડાઈને ડાકોરના ઠાકોરના દર્શનનો લ્હાવો લેશે. પદયાત્રામાં શહેરના અનેક દાતાઓએ દાન આપી પ્રેરણારૂપ બન્યા છે તેવું મહંતશ્રી મધુસુદનદાસજી બાપુએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૫.૫૬

### તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૫૯ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :
થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૧૦.૧૫,૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫
: સ્કીન-૨ :
સત્યા-૨ : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૫
ક્રિશ -૩ : ૧૨.૦૦, ૬.૨૦
: સ્કીન-૩ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્કીન-૪ :
ક્રિશ -૩ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

**આર વર્લ્ડ**

: સ્કીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

**સૂર્યા, વાવોલ**

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સત્યા -૨ : ૧.૦૦
: સ્કીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૪૫
સત્યા-૨ : ૭.૧૫, ૧૦.૧૫

**ચિરાગ, કલોલ**

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સામાજિક**

- વણકર સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારંભ સાંજે ૪.૦૦ કલાકે રંગમંચ, સેકટર-૨૨ ગાંધીનગર ખાતે યોજાશે.

### આપની આજ

**મેષ** : કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

### ચિરવિદાય

- સ્વ. સ્મિતાબેન કુંદનકુમાર પટેલ(ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેકટર-૮, ગાંધીનગર.
- સ્વ. જશીબેન કાન્તીભાઈ સોલંકી(ઉ.વ. ૩૫) મુ.પો. બુટાકીયા (ડભોડા), તા., જિ. ગાંધીનગર.
- સ્વ.શિવાજી વરવાજી ઠાકોર(ઉ.વ. ૬૦) મુ.પો. ફતેહપુરા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ચમનભી ટપુભાઈ વાણોદરા(ઉ.વ. ૫૧)બ્લોક નં. આરસીએલજીએસ-૧૧, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. નરેશભાઈ રેવાભાઈ પરમાર(ઉ.વ. ૩૫) ૪૧૦, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન મોહનભાઈ પ્રજાપતિ(ઉ.વ. ૫૭) મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.